Re-Accredited by NAAC with 'A' Grade
**VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY**
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
**વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી**
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# –: પરિપત્ર :–

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તથા તમામ અનુસ્નાતક વિભાગનાં વડાશ્રીઓ તથા યુનિવર્સિટી પરીસર ખાતે ચાલતા સ્વનિર્ભર અભ્યાસક્રમોના કો–ઓર્ડિનેટરશ્રીઓને જણાવવાનું કે, યુનિવર્સિટીના સ્નાતક તથા અનુસ્નાતક અભ્યાસક્રમોમાં ટ્રાન્સફરની નીતિ તથા પ્રક્રિયા અંગે સિન્ડિકેટની તા. ૦૯/૦૬/૨૦૨૧ ની સભાના ઠરાવ ક્રમાંક : ૩૧ થી નીચે મુજબ ઠરાવેલ છે જેનો અમલ કરવા જણાવવામાં આવે છે.

## સિન્ડિકેટની તા. ૦૯/૦૬/૨૦૨૧ ની સભાના ઠરાવ ક્રમાંક : ૩૧

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના સ્નાતક તથા અનુસ્નાતક અભ્યાસક્રમોમાં ટ્રાન્સફરની નીતિ તથા પ્રક્રિયા નીચે દર્શાવ્યા મુજબના સુધારા સહિત મંજૂર કરવી.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, ટ્રાન્સફરની કાર્યવાહી માત્રને માત્ર યુનિવર્સિટી દ્વારા સેન્ટ્રલાઈઝડ કરવામાં આવશે. આ પ્રક્રિયા જે તે પ્રોગ્રામમાં શૈક્ષણિક કાર્ય શરૂ થવાના ૬૦ દિવસ પહેલા શરૂ કરી શૈક્ષણિક કાર્ય શરૂ થયાના ૧૫ દિવસની અંદર પૂર્ણ કરવાની રહેશે.**

૧. બીજા સેમેસ્ટરથી લઈ અંતિમ સેમેસ્ટર સુધી પ્રત્યેક સેમેસ્ટરની શરૂઆતમાં વિદ્યાર્થી ટ્રાન્સફર મેળવી શકશે. કોલેજો / અનુસ્નાતક વિભાગો મંજુર થયેલ કુલ બેઠકોની મર્યાદામાં વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવી શકશે. ટ્રાન્સફર આપનાર કોલેજે વિદ્યાર્થીને એન.ઓ.સી/ટ્રાન્સફર સર્ટીફીકેટ આપવાનું રહેશે તથા ઈ.આર.પી. સીસ્ટમમાં ટ્રાન્સફર અંગેની જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.

૨. બીજા સેમેસ્ટરમાં ટ્રાન્સફર મેળવવા માટે વિદ્યાર્થી નું સ્નાતક કક્ષાએ ધોરણ ૧૨ નું તથા અનુસ્નાતક કક્ષાએ સ્નાતક (ગ્રેજ્યુએશન) નું મેરીટ ધ્યાને લઈ મેરિટના ધોરણે ટ્રાન્સફર આપવાની રહેશે.

૩. ત્રીજા સેમેસ્ટરમાં ટ્રાન્સફર લેવા માટે પ્રથમ સેમેસ્ટરનું પરિણામ, ચોથા સેમેસ્ટરમાં ટ્રાન્સફર લેવા માટે બીજા સેમેસ્ટરનું પરિણામ, પાંચમા સેમેસ્ટરમાં ટ્રાન્સફર લેવામાટે ત્રીજા સેમેસ્ટરનું પરિણામ, છઠ્ઠા સેમેસ્ટરમાં ટ્રાન્સફર લેવામાટે ચોથા સેમેસ્ટરનું પરિણામ ધ્યાને લઇ મેરીટ અનુસાર ટ્રાન્સફર આપવાની રહેશે.

૪. પ્રત્યેક સેમેસ્ટરની શરૂઆતમાં વિદ્યાર્થી અંગ્રેજી માધ્યમમાં થી ગુજરાતી માધ્યમમાં અને ગુજરાતી માધ્યમમાંથી અંગ્રેજી માધ્યમમાં ટ્રાન્સફર મેળવી શકશે. (મીડીયમ ઓફ ઇન્સ્ટ્રક્શન ના પ્રમાણપત્રમાં હવેથી તામામે તમામ સેમેસ્ટરોનું મીડીયમ ઓફ ઇન્સ્ટ્રક્શન દર્શાવવાનું રહેશે એટલે કે પ્રત્યેક સેમેસ્ટરમાં મીડીયમ ઓફ ઇન્સ્ટ્રકશન ક્યુ હતું તે દર્શાવવાનું રહેશે, તેજ રીતે પ્રત્યેક સેમેસ્ટરની માર્કશીટમાં પણ જેતે સેમેસ્ટરનું મીડીયમ ઓફ ઇન્સ્ટ્રકશન અને મીડીયમ ઓફ એકઝામિનેશન દર્શાવવાનું રહેશે)

૫. સ્નાતક કક્ષાએ વિદ્યાર્થી સરકારી કોલેજ, અનુદાનિત કોલેજ, અને સ્વનિર્ભર કોલેજ એમ કોઈપણ પ્રકારની કોલેજ/બેઠક પરથી કોઈપણ પ્રકારની કોલેજ/બેઠક પર ટ્રાન્સફર **આપી શકાશે.**

૬. અનુસ્નાતક કક્ષાએ વિદ્યાર્થી ગ્રાન્ટ ઈન એઈડ, હાયર પેમેન્ટ તથા સ્વાનિર્ભર એમ કોઈપણ પ્રકારની કોલેજ/બેઠક/અનુસ્નાતક કેન્દ્ર/યુનિવર્સીટી વિભાગ પરથી કોઇપણ પ્રકારની કોલેજ/બેઠક/અનુસ્નાતક કેન્દ્ર/યુનિવર્સીટી વિભાગ પર ટ્રાન્સફર **આપી શકાશે.**

૭. યુ.જી.સી. માન્ય હોય તેવી સ્ટેટ યુનિવર્સીટીઓ, સેન્ટ્રલ યુનિવર્સીટીઓ, પ્રાઇવેટ યુનિવર્સીટીઓ તથા ઓપન યુનિવર્સીટીઓના વિદ્યાર્થીઓ પણ કોઈ પણ સેમેસ્ટરમાં ટ્રાન્સફર લઈ પ્રવેશ મેળવી શકશે. (આવા પ્રવેશ લેટરલ એન્ટ્રી તરીકે ગણાશે) જરૂર જણાયતો આવા વિદ્યાર્થીઓ ને જરૂરી ખૂંટતી ક્રેડિટ અને/અથવા બાકી/અલગ પડતા કોર કોર્સ (પેપરો) પાસ કરવાની શરતે પ્રવેશ આપવાનો રહેશે.

૮. નાપાસ થયેલા અને / અથવા એ.ટી.કે.ટી વાળા વિદ્યાર્થીઓને પણ ટ્રાન્સફર **આપી શકાશે.**

૯. સ્નાતક તેમજ અનુસ્નાતક બંને કક્ષાએ એક્સ્ટર્નલના વિદ્યાર્થીઓ રેગ્યુલરમાં અને રેગ્યુલરના વિદ્યાર્થીઓ એક્ષ્ટર્નલમાં ટ્રાન્સફર **આપી શકાશે. પરંતુ** સ્નાતક તેમજ અનુસ્નાતક બંને કક્ષાએ એક્સ્ટર્નલના વિદ્યાર્થીઓ**ને તથા ઓપન ડીસ્ટન્સ લર્નિંગ સિસ્ટમમાં ભણેલા વિદ્યાર્થીઓને** રેગ્યુલરમાં **પ્રવેશ માત્ર ત્રીજા સેમેસ્ટર સુધી જ આપી શકાશે.**

૧૦. કેલેજ કક્ષાએ એક ટર્મ / સેમેસ્ટર કરતાં વધારે ટર્મ / સેમેસ્ટર માટેની કોઇપણ ફી વિદ્યાર્થી પાસેથી લઈ શકાશે નહીં.

૧૧. ટ્રાન્સફર લેતા વિદ્યાર્થીઓ ને ફાળવવામાં આવેલો એસ.પી.આઈ.ડી તથા એનરોલમેન્ટ નંબર બદલાશે નહીં.

૧૨. અન્ય યુનીવર્સીટીમાંથી ટ્રાન્સફર લઈ ને આવનાર વિદ્યાર્થીઓ નું લેટરલ એન્ટ્રી તરીકે નવેશરથી એનરોલ્મેન્ટ કરવાનું રહેશે, આવા વિદ્યાર્થીઓને નવો એનરોલમેન્ટ તથા એસ.પી.આઈ.ડી નંબર ફાળવવાનો રહેશે.

૧૧. જે અભ્યાસક્રમોના પ્રવેશ કાઉન્સિલ/રાજ્ય સરકારીની કેન્દ્રીય પ્રવેશ પદ્ધતિથી થતા હશે તેવા અભ્યાસક્રમોમાં ટ્રાન્સફરની જોગવાઈઓ જેતે અભ્યાસક્રમ માટે કાઉન્સિલ/રાજ્ય સરકારી ની કેન્દ્રીય પ્રવેશ સમિતિ એ કરેલી જોગવાઈઓ મુજબ થશે.

ઈ.ચા. કુલસચિવ

ક્રમાંક : એકેડમિક/પીજી/ટ્રાન્સફર/૭૮૬૯/૨૦૨૧

તા. ૧૦/૦૬/૨૦૨૧

<u>નકલ સવિનય રવાનાઃ–</u>

પ્રતિ,

(૧) યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તથા તમામ અનુસ્નાતક વિભાગનાં વડાશ્રીઓ તથા યુનિવર્સિટી પરીસર ખાતે ચાલતા સ્વનિર્ભર અભ્યાસક્રમોના કો–ઓર્ડિનેટરશ્રીઓ ........ તરફ જાણ તથા જરૂરી અમલ સારૂ

(૨) પરીક્ષા નિયામકશ્રી, પરીક્ષા વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,સુરત.. તરફ જાણ તથા જરૂરી અમલ સારૂ

(૩) સિસ્ટમ મેનેજરશ્રી, ઈ.આર.પી. સેલ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,સુરત.
...... ERP સિસ્ટમમાં જરૂરી સુધારા કરાવવા સારૂ